November 2020

PRABHAT
EDUCATION FOUNDATION

Issue No. 12

# Roshni

**Reaching Out to Serve Humanity with New Initiatives**

## અમારા વિશે

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થા કે જે 2003થી અમદાવાદના વંચિતવર્ગના સ્પેશિયલ નીડ બાળકો સાથે કામ કરે છે. પ્રભાત બાળકો અને પુખ્ત વયે માનસિક અને શારીરિક પડકારોની સેવા કરે છે, તેમની સંપૂર્ણ સંભાવના પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.સંસ્થા ૩ પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે છે:-પ્રભાત સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન, એડવોકેસી દ્વારા નેટવર્કિંગ. પ્રભાતે એક બાળક સાથે કામ શરૂ કર્યું હતું અને આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશેષ જરૂરિયાતો ધરાવતા 3000 થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો, પડોશીઓ અને સમુદાયોને સ્પર્શે છે.

## અનુભવો...

અર્પિતા પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનનું પ્રથમ સ્ટુડન્ટ એટલે કે સંસ્થાનું પ્રથમ એડમીશન. આ એ ભાગ્યશાળી સ્ટુડન્ટ હતી કે તેની સાથે કાર્ય કરવા ટીચર ઉપરાંત અનેક વોલિયન્ટર્સ તત્પર રહેતા હતા.

અર્પિતાના ફેમિલીમાં ત્રણ બહેનો અને ભાઈ તેમજ માતા-પિતા છે. અર્પિતા ત્રણેમાં સૌથી નાની બહેન છે. જયારે અર્પિતાનું એડમીશન થયું ત્યારે મોટી બહેનના મેરેજ થઇ ગયા ન હતા અને અર્પિતાની મોટી બહેન ઘરે હતી. પિતાને આઈસ્ક્રીમ પાર્લર હતું અને નાનો ભાઈ ભણતો હતો.

અર્પિતાના મમ્મી તેને નિયમીત રીતે સેન્ટરમાં લઈને આવતા હતા. અને બિલકુલ ઘરમાં જ રહેતી અર્પિતા માટે આ નવો અને ખૂબ સરસ અનુભવ હતો. અર્પિતા સ્પેશિયલ નીડ હોવાથી અને ઘરમાં નાની હોવાથી ઘરમાં તેને કશું જ કાર્ય કરાવવામાં આવતું નહોતું. સેન્ટરમાં આવ્યાબાદ શિક્ષકના માર્ગદર્શન અનુસાર, અર્પિતા સાથે ફાઈનમોટર, ગ્રોસમોટર, સ્પીચ, એકેડેમીક વગેરે ઉપર કાર્ય થયું અને બિલકુલ કાર્ય ના કરતી અર્પિતા ધીમે-ધીમે પોતાનું કાર્ય કરવા લાગી.

અર્પિતાના મમ્મી અર્પિતાને લગભગ 6 વર્ષ સુધી સતત પ્રભાતમાં લઈને આવતા હતા. પરંતુ અર્પિતાની બહેનના મેરેજ થઇ ગયા અને પિતા કેન્સરના શિકાર બન્યા, ભાઈ તો નાનો હતો અને બધી જ બાજુની જવાબદારી માતા ઉપર આવતી ગઈ છતાં માતા તેને થોડા સમયના અંતરે સેન્ટર લઇ આવતા હતા અને કાર્ય ચાલુ રહે તે માટે પ્રયત્ન કરતા હતા. પરંતુ સખત દોડધામ, ઉંમરની મર્યાદા અને આર્થિક સંકટના કારણે છેવટે અર્પિતાનું સેન્ટરમાં આવવાનું બિલકુલ બંધ થઈ ગયું.

હવે મમ્મી તેના પપ્પાના ઈલાજ સાથે સાથે શિક્ષક સાથે મેળવેલ માર્ગદર્શન પ્રમાણે તે અર્પિતા જોડે કાર્ય કરતા હતા. પરિણામે અર્પિતા ઘરકામમાં સરસ રીતે ઉપયોગી થવા લાગી હતી. પરંતુ સતત ઘરે રહેવાને કારણે અને ઘરમાં ઉભા થયેલા તણાવને કારણે તેના બિહેવીયરમાં મુશ્કેલી ઉભી થવા લાગી. પિતાને ફર્સ્ટ સ્ટેજમાં જ કેસનરનું નિદાન થવાથી અને યોગ્ય સમયે ટ્રીટમેન્ટ ચાલુ થઇ હોવાથી રીકવરી થઇ રહી હતી. તે રાહતની વાત હતી પરંતુ અર્પિતાના બિહેવીયર માટે સાઈકાટ્રીસની મદદ લેવી પડી અને તેની ટ્રીટમેન્ટ ચાલુ કરવી પડી. આજ રીતની ટ્રીટમેન્ટ ૩ વર્ષ ચાલુ રહ્યા બાદ તેનામાં ઘણો ફરક આવો ગયો હતો.

હાલમાં ભાઈ જોબ કરતો થઇ ગયો છે અને સેન્ટરની ટ્રેનિંગ અને જિંદગીની મુસીબતનો સામનો કરીને અર્પિતામાં ખૂબ જ સરસ બદલાવ આવ્યો છે. અર્પિતા હાલમાં ઘરે કચરા-પોતા કરવા, વાસણ સાફ કરવા, કપડાં ધોવા, મહેમાન આવે તો તેની સાથે વાતચીત કરવી, નોકરીએથી થાકીને આવેલા પોતાના ભાઈને પાણી આપવું, તેના માટે ચા મુકવી વગેરે જેવા જવાબદારીવાળા કાર્યો કરે છે. અને ઉંમરે પહોંચેલા માતા-પિતાને મદદરૂપ બને છે.

આમ તે સામાજિક રીતે તેના ઘરમાં રીહેબીલેટ થયેલ છે.પ્રભાતને તેની પ્રગતિથી ખૂબ જ ગર્વ છે.

By: Jagruti Desai
Special Educator

યુનિક ઇન્ટરવેન્શન

વિકલાંગ બાળકોની વધતી જતી જરૂરિયાતોને સમજવું: ભારતમાં આશરે કુલ વસ્તીના 2.2% લોકો ડીસેબિલિટી સાથે જીવી રહ્યા છે. પરંતુ તેઓ પાસે " સેક્સયુઅલ એન્ડ રીપ્રોડક્ટીવ હેલ્થ ઇસ્યુ " અંગેની માહિતી અને જ્ઞાનનો અભાવ છે. તે બાબતને ધ્યાનમાં રાખી અને આયોજન કરીને તેની જાણકારી પેરેન્ટ્સ સુધી પહોંચાડી અવેરનેસ વધે તેવી શરૂઆત કરી.

Centre for media & Alternative Communication મીડિયા પ્રભાત સાથે 2 વર્ષથી જોડાયેલું છે. C.Macના સ્ટુડન્ટ સંસ્થા સાથે વોલિયન્ટર્સ તરીકે ફરજ બજાવે છે. તેઓએ એક મેગેઝીન બહાર પડ્યું છે જેનું નામ છે," The Otherside". એ મેગેઝીન તેઓના રિસર્ચનો એક ભાગ હતો. C.Mac મીડિયાએ દિલ્લી મીડિયા વિભાગને પ્રભાત સંસ્થાનો રેફરન્સ આપેલ હતો. દિલ્લી મીડિયા "સેક્સ એજ્યુકેશન" વિષય પર રિસર્ચ કરી રહી છે. તેઓ દ્વારા પૂરાં ભારતમાંથી 5 સંસ્થા સિલેક્ટ કરવામાં આવી. તે 5 સંસ્થામાંની 1 સંસ્થા પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન છે. દિલ્લી મીડિયામાંથી મોઈના મન્કુ એ સંસ્થાની 2 વિદ્યાર્થીનીઓ અક્ષા અને ફોઝીયાના પેરેન્ટ્સ સાથે "સેક્સ એજ્યુકેશન"માં "સેક્સયુઅલ એન્ડ રીપ્રોડક્ટીવ હેલ્થ ઇસ્યુ ફોર યંગ પીપલ વિથ ડીસેબિલિટી"ના વિષય પર ઉંડાણપૂર્વક ચર્ચા-વિચારણા કરી અને સંસ્થાના બાકીના પેરેન્ટ્સને આ વિષય પર જાણકારી આપી અને અવેરનેસ વધારવામાં આવ્યું.

https://economictimes.indiatimes.com/news/economy/indicators/indias-2-2-population-suffering-from-disability-nso-survey-for-july-dec-

https://prabhateducationfoundation.org/wp-content/uploads/2019/03/THE-OTHER-SIDE-1.pdf

મુબારક હો!

"બાર બાર દિન યે આયે, તુમ જીઓ
હજારો સાલ, સાલ કે દિન હો હજાર
હેપ્પી બર્થ ડે ટૂ યુ,
હેપ્પી બર્થ ડે ટૂ યુ."
પ્રભાત ટીમની જન્મદિન નિમિત્તે ખૂબ-ખૂબ શુભેછા.



20th Dec., ડેનિશ

https://www.youtube.com/channel/UCe1oxuBWMDvyCRk2EPzzjlA

https://www.instagram.com/prabhat_education_foundation/

https://www.facebook.com/Prabhateducationfoundation/

મંથલી અપડેટ

1. પ્રભાત એજ્યુકેશન સમાજમાં મોટો પરિવર્તન લાવી રહ્યું છે. સંસ્થાનું લક્ષ્ય છે વધુને વધુ સમાવિષ્ટ[ઈન્ક્લૂસન] સમાજનું નિર્માણ કરવાનું છે. છેલ્લા કેટલાક સમયથી સંસ્થા તેના પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. જાણવામાં આનંદ થાય છે કે સંસ્થાના N.I.D. સાથેના સહયોગથી વર્તમાન યુવા પેઢીમાં ઈનક્લ્યુસનની અસર જોવા મળે છે. તે જ રીતે જયપુરની "ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ક્રાફ્ટ એન્ડ ડિઝાઈન" ઈન્સ્ટિટ્યૂટ પણ સંસ્થા જોડાઈ છે. પ્રો. ગાયત્રી મેનનનો આભાર માનીએ, તેઓ આ વિચાર "ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ક્રાફ્ટ એન્ડ ડિઝાઈન"માં લઇ ગયા. તેઓ વિકલાંગ બાળકો/લોકો માટે જરૂરિયાત ધરાવતી યુનિક ડિઝાઈન બનાવવાની આવડત ધરાવે છે. તેઓના સહકારથી પ્રભાત અને જયપુરની ઈન્સ્ટિટ્યૂટ એકબીજા સાથે જોડાયા છે. સંસ્થાએ IICDના સ્ટુડન્ટ સાથે ઓનલાઈન વીડિયોકોલ દ્વારા વાતચીત કરી, તેઓને ડિસેબિલિટી અંગેની જાણકારી આપવામાં આવી.

2. સંસ્થા તરફથી જે વાલીઓ પાસે રેશનકાર્ડ નથી અને જે વાલીઓ પાસે રેશનકાર્ડ છે તેવું લીસ્ટ તૈયાર કરવામાં આવ્યું. તેને લગતા બધા જરૂરી ડોક્યુમેન્ટ મંગાવવામાં આવ્યા. અનાજ કીટ ચાલી કરાવી અને તેમજ નવું રેશનકાર્ડ કઢાવવા માટેના ફ્રોર્મ ભરવામાં આવ્યા.

3. નવેમ્બર મહિનામાં સંસ્થા તરફથી એ.સ.ટી.ના 5 ફ્રોર્મ ઓનલાઈન ભરવામાં આવ્યા, તેમજ દિવ્યાંગ બાળકો/વ્યક્તિઓને મળતી વિવિધ સાધન-સહાય યોજના અંગેના ફ્રોર્મ ઓનલાઈન ભરવામાં આવ્યા. જેમાં 20 બાળકો/વ્યક્તિઓનો સમાવેશ થાય છે. તે સાધન-સહાય યોજનામાં વ્હીલચેર, હીયરીંગ ચેર, M.R.કીટ, વગેરે જેવી સહાય પૂરી પાડવામાં આવે છે.

4. અમદાવાદ યુનિવર્સીટીના સ્ટુડન્ટ સંસ્થામાં વોલિયન્ટર્સ તરીકે ફરજ બજાવે છે. ત્યારે નવેમ્બર મહિનામાં સંસ્થાના શિક્ષકો દ્વારા 27 સ્ટુડન્ટ માટે 54 એક્ટીવીટીનું લીસ્ટ તૈયાર કરવામાં આવ્યું. જે એક્ટીવીટીઓ સંસ્થાના બાળકોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું જેનાથી તે એક્ટીવીટી બાળકોને મદદરૂપ બની રહે.

5. દિવાળીમાં સંસ્થાના વોલિયન્ટર્સે ડોનેશન માટે એક કેમ્પિયન બનાવ્યું હતું. જે કેમ્પિયન ઓનલાઈન સોશીયલ મીડિયા પર વાઈરલ કરવામાં આવ્યું. બાળકો માટેના કપડાં, રમકડાં, બૂક્સ, ક્રેયોન જેવી વસ્તુઓ માટે ડોનેશનને લાગતું કેમ્પિયન હતું. તે કેમ્પિયન દ્વારા સંસ્થાના બાળકો માટે ઘણી વસ્તુઓ આવી અને તે ડોનેશનમાં આવેલી વસ્તુઓનું વટવા સેન્ટરમાં સોર્ટિંગ કરવામાં આવ્યું. સંસ્થાના ત્રણેય પ્રોગ્રામના બાળકોના પેરેન્ટ્સને સેન્ટર પર બોલાવીને ડોનેશનનું વિતરણ કરવામાં આવ્યું અને દરેક પેરેન્ટ્સે તેનો લાભ લીધો હતો.

6. પ્રભાત સંસ્થા રીવરસાઇડ સ્કૂલ સાથે "બડી ઈન્ટરેકશન" જેવી પ્રવૃત્તિ કરી રહી છે. સંસ્થા દ્વારા રીવરસાઇડના બાળકોને બેકિંગ સેશન લેવા વટવા સેન્ટરમાં આયોજન કરવામાં આવ્યું હતું, અને રીવરસાઇડના બાળકો દ્વારા સંસ્થાના શિક્ષકોને કેક બનાવતાં શીખવ્યું. તે બેકિંગ સેશનનું સોશીયલ મીડિયા ફેસબુક પર લાઈવ પ્રસારણ મુકવામાં આવ્યું.

7. પ્રભાત સાથે N.I.D. ઘણા લાંબા સમયથી જોડાયેલું છે. N.I.D.ના સ્ટુડન્ટ સંસ્થાના બાળકો માટે દરેક વખતે કંઈક યુનિક અને બાળકોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને "પ્રોડક્ટ ડિઝાઈન" બનાવતા હોય છે. હાલમાં N.I.D. જયપુરની સ્ટુડન્ટ આકાંક્ષા ગુપ્તા સંસ્થામાં જોડાઈને "એપિલેપ્સી"ના ટોપીકમાં સહાય કરી રહી છે અને તેની સાથે “આર્ટ એન્ડ ક્રાફ્ટ”માં યુનિક આઈડિયાઝ મારફતે મદદ કરે છે. N.I.D. સ્ટુડન્ટ રીયા અને રુચા પણ હાલમાં સંસ્થા સાથે જોડાયેલા છે. તેમાંથી રીયા "સોફ્ટ ટોયસ"ના મારફતે બાળકોના ડેવલપમેન્ટને લગતી ડિઝાઈન બનાવે છે, તેમાં તેને સંસ્થાના કાશ્મીરાબેન અને લક્ષ્મીબેન જોઈતા સજેશન આપી રહ્યા છે. જયારે રુચા "યુનિક કલાસરૂમ ડિઝાઈન"ને લગતી પ્રોડક્ટ ડિઝાઈન બનાવી રહી છે, તેને મદદ કરવામાં સંસ્થાના જાગૃતિબેન અને ભાવનીષાબેન છે.

8. ખુશખબરીની ની વાત, સંસ્થાના હોમબેઝના શિક્ષક નમ્રતાબેનને ત્યાં એક પરી જેવી દીકરીનો જન્મ થયો. પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન તરફથી તેમને ખૂબ-ખૂબ અભિનંદન!

9. પ્રભાત સંસ્થા તરફથી ટીમને દિવાળીના નિમિતે શુભેચ્છા પાઠવવા માટે ગિફ્ટ આપવામાં આવી.

https://www.youtube.com/watch?v=RYFCWxZnLLA


**-શ્રદ્ધાંજલિ**



સંસ્થાના વટવા સેન્ટરના એક સ્ટુડન્ટ શેખ શાનોફર મહેબુબભાઈ તા. 7/11/2020ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તેમની આત્માને ભગવાન શાંતિ આપે! ૐ શાંતિ...


## Photo Gallery
















અર્પિતા

A-4, Sujal Apartment,
Opp. Satellite Bungalows, Ramdevnagar,
Ahmedabad-380015
**Phone:** +91-79-48903054;
**Mobile:** +919825009427
**Email:** prabhat@prabhatedu.org
**Website:** www.prabhateducationfoundation.org

PRABHAT
EDUCATION FOUNDATION